# 'ગાંધારી' લઘુનવલમાં માતૃત્વભાવ: સાંપ્રત પરિપ્રેક્ષ સંદર્ભે

પૂજા પોમલ
રિસર્ચ સ્કોલર
ગૂજરાત વિદ્યાપીઠ – અમદાવાદ
Email – gorpooja665@gmail.com
મો. ૯૯૭૮૯૧૩૫૦૧

ડૉ. સંજય મકવાણા
પ્રોફેસર અને અધ્યક્ષ,
ગુજરાતી વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ – અમદાવાદ

## પ્રસ્તાવના :

સાહિત્યને સમાજની આરસી કહી છે . એથી સાહિત્યના વાંચનથી જે – તે સમય અને સ્થળની સામાજિક સ્થિતિનું આકલન પ્રાપ્ત થાય છે. આપણા દેશના પ્રાચીન મહાકાવ્યોમાં જેનું સ્થાન બેજોડ છે એવા મહામુની વ્યાસ રચિત 'મહાભારત' ગ્રંથના સ્ત્રી પત્રોમાં ગાંધારીના પાત્રને લઈને આલેખેલી હસમુખ બારાડીની લઘુકથા 'ગાંધારી' પ્રાચીન પ્રસંગને આધારે રચાયેલી હોવા છતાં આધુનિક ચેતનાને ઉજાગર કરતી કૃતિ છે.

'રામાયણ', 'મહાભારત' અને ભાગવત આ ત્રણ મહાગ્રંથોએ આપણી સમગ્ર ચેતના ઉપર એટલો મોટો પ્રભાવ પાથર્યો છે કે જો એક ક્ષણ પૂરતી પણ આ પ્રભાવની બાદબાકી કરી નાખીએ તો એક વિરાટ શૂન્ય આપણી સમક્ષ પેદા થઇ જાય છે. એવું કહેવામાં મુદલ અતિશયોક્તિ નથી કે આપણે સહુ, આપણા પરિવારજનો, અન્ય સ્વજનો કે મિત્રોથી જેટલાં આત્મીય છીએ એથી અનેકગણા વધુ આત્મીય આપણને રામાયણ અને મહાભારતના પાત્રો લાગે છે.

"યદહાસ્તિ તદન્યત્ર યાન્નેહસ્તિ ન તત કવચિત."

જે આમાં છે તે જ અન્યત્ર છે. જે અહીં નથી તે ક્યાંય નથી. મહાભારત વિષે કહેવાતા આ શ્લોકમાં યથાર્થતા છે. કારણકે મહાભારત એક મહાસાગર છે. તેમાં જે કથાઓ છે તે આપણા જીવનના સારા-માઠા જેટલાં પ્રસંગો આવે છે તે બધાં પ્રસંગોને વણી લેતી કથાઓ છે. મહાભારતના યુદ્ધમાં જે હિંસા થઈ તેનાં મૂળિયાં રાગ – દ્વેષના નાના –મોટા એવા ઠેર – ઠેર પ્રસરી ગયેલા દુર્ગંધયુક્ત ખાળકૂવામાં સંતાયેલા હતાં. સમાજમાં જે અપ્રગટ હતું, તે જ કુરુક્ષેત્રના મેદાનમાં પ્રગટ થયું! આ વાતનો ચિતાર 'ગાંધારી'ના પાત્રને કેન્દ્રિત હસમુખ બારાડીની લઘુનવલમાં વાંચતા જણાય છે.

## લેખક પરિચય :

ગુજરાતી નાટ્યકાર, દિગ્દર્શક અને નાટયવિવેચક એવાંબારાડી હસમુખ જમનાદાસનો જન્મ ૨૩ ડિસેમ્બર ૧૯૩૮ના રોજ રાજકોટમાં થયો હતો. રાજકોટમાં જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી તેમણે ૧૯૬૧માં સૌરાષ્ટ્ર સંગીત નાટક એકેડેમીમાંથી નાટ્યદિગ્દર્શન વિષયનો ડીપ્લોમાં મેળવ્યો. ૧૯૬૪માં અંગ્રેજી, સંસ્કૃત વિષયો સાથે ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક થયાં. 1972માં મોસ્કોની યુનિવર્સિટીમાંથી થિયેટર ઇતિહાસના વિષય સાથે અનુસ્નાતક થયાં. 1968 થી 1972 દરમિયાન સરકારી વિનિમય કાર્યક્રમ અનુસાર મોસ્કો રેડીયોના ગુજરાતી વિભાગના કાર્યક્રમ આયોજક હતા.

બારાડી મૂળે તો એ નાટયપ્રવૃતિને સમર્પિત લેખક કલાકાર હતા. જેમાં 'કાળો કામળો'(1975),'જશુમતી કંકુમતી'(૧૯૭૮), 'જનાર્દન જોસેફ'(૧૯૮૦), 'રાઈનો દર્પણરાય'(૧૯૮૬) જેવાં નાટકો આપ્યાં. આ ઉપરાંત તેમણે પૌરાણિક ગ્રંથના ગાંધારીના પાત્રને લઈને પ્રથમ મૌલિક કથા દ્વારા લેખક પોતે જણાવે છે તેમ એક નાનાશા 'સમયખંડ'ને અહી 'સ્થળ'માં અવતર્યો છે. નાટ્ય લેખન માટે તેમને ૧૯૮૭ થી ૧૯૯૧ના ગાળાનો નર્મદસુવર્ણચંદ્રક પણ અર્પણ થયો છે. ૦૪ /૦૨/૨૦૧૭ના રોજ અમદાવાદ મુકામે તેમનો અવસાન થયો. સો કુન્ડોની વચ્ચે રિબાતી – ભીંસાતી ગાંધારી વિષે ટેલીવિઝન પ્લે કરવાનું તેમણે વિચાર્યું હતું. એ જ દ્રષ્ટિકોણને અહી લેખકે કથામાં પણ મુક્યો છે.

## લઘુનવલ 'ગાંધારી'નું કથાનક:

લેખકે મહાભારતના આદિપર્વમાંથી કથાનું ઉપાડ લીધુ છે. વ્યાસ, ભીષ્મ, ધુતરાષ્ટ્ર, વિદુર જેવાં પુરુષપાત્રોની સાથે સત્યવતી,ગાંધારી, વિદુરની માતા જેનું નામ લેખકે નારદની વીણા પરથી 'કચ્છપી' રાખ્યું છે. કથાનો પ્રારંભ ગાંધારીનાં ગર્ભાવસ્થા દરમ્યાન ગંગાતટ પર માતા સત્યવતીની આજ્ઞાથી દાસી કેશીની સાથે ગંગાસ્નાન કરવા જવાથી થાય છે. મંદપવન, ગંગાવહન, પંખીગાન, વૃક્ષવનરાજી જેવા પ્રકૃતિવિદ તત્વોનો લાહવો છે. લેખકે અહી પ્રકૃતિ વર્ણન લીધુ છે. બે વર્ષના ગર્ભધારણના સંયોગથી ગાંધારી વિચલિત બને છે. એવામાં ભ્રાતા શકુનીના મુખે ધૃતરાષ્ટ્રની સેવિકા વિદુલાના ગર્ભવતી હોવાના સમાચાર અને શતશ્રુંગ પર્વતથી પૃથુવેગ જે "માંડવ્ય" નામના સંકેત નામથી જાણીતા દૂત દ્વારા કુંતાજી માતૃપદ પામ્યા છે એવા સમાચાર મળે છે. આ બંને સામાચારથી મનમાં વેદનાથી વ્યથિત થતા ભગવાન વેદવ્યાસનું વચન અને મહાકાલ શંકરનું વરાદાન મિથ્યા હશે એવા વિચારો સાથે પોતેજ ગર્ભપાત કરે છે. જ્યારે કુંતા અને ગાંધારીના સાસુ અંબા, અંબાલિકા કુંતાના માતૃપદના ઉલ્લાસ અને ગાંધારીના બે વર્ષના ગર્ભાધારણની વેદના વચ્ચે રાજ્યમા યુધિષ્ઠિર જન્મનાં સંયમિત ઉત્સવણી સમજણશક્તિથી ભીષ્મને ગર્વ થાય છે. ગાંધારી અચાનક રક્ત નીંકળતા માંસપિંડને લઇને ગુરુજનોને સોંપવા આવી પહોંચે છે. ત્રિકાળજ્ઞાની મહામુની વ્યાસ ગાંધારીની શારીરિકઅને માનસિક દશા જાણી તરત આવી માસપિંડનું ૧૦૧ ટુકડામાં વિભાજન કરી ઘીના કુંડમાં મુકે છે. પોતાના પુત્રને જ્યેષ્ઠ ઠરાવવા અને પોતાના રાજમાતા બનવાની ઝંખનાની ભાવનાથી ગાંધારી તેને મળવા આવતા દરેક વડીલોને પ્રશ્નો પૂછે છે. લેખકે અહી ગાંધારીની બદલાતી મનોદશાનું આલેખન કર્યું છે. પોતાના પુત્રને રાજગાદી અપાવવા ગાંધારી ઈર્ષ્યા, કટાક્ષ, પ્રેમ, ગુસ્સા સાથે સર્વે સાથે લડતી રહે છે. વડીલોને ગાંધારીની મહત્વકાંક્ષા અને અસૂયાની જાણ થઇ જાય છે. ગાંધારીને સમજાવવા દરેક ગુરુજનો પ્રયત્ન કરે છે. દાસી કચ્છપી સાથે ગાંધારી મુક્તમને વ્યાસ સાથેના

સમાગમ, પુત્રજન્મ અને પોતાને ઉદ્ભવતા પ્રશ્નોની ચર્ચા કરે છે. અહી કચ્છપીનાં વળતા જવાબોથી તેમની બુદ્ધિચાતુર્યનાં દર્શન થાય છે. અંતમાં વિદુરની દીર્ઘદ્રષ્ટિ ભાવી મહાયુદ્ધના એંધાણ કરે છે. સત્યને જાણીજોઇને ઢાંક પીછોડા કરી જીદ્દ સાથે પોતાની વાત મનાવવાની ગાંધારીની રીતથી કચ્છપી ક્રોધે ભરાય છે અને તેમના મુખેથી ભાવી દર્શન કરાવતી વાણી કે ગાંધારી પુત્રો પાંડું પુત્રોને વનવાસ આપશે અને કુરૂકુળની લજ્જાશીલ કુળવધુઓના ચીર રાજસભામાં હરાશે. ધર્મનીતિને જાણનારા પણ મૂંગા મોઢે સાંખી લેશે. અહી અંતમાં લેખક દ્વારા કચ્છપી અને વિદુરના મુખે ભાવિનું સૂચક વાત કહાવતા લેખકની વિલક્ષણ બુદ્ધિનું દર્શન થાય છે.

## ગાંધારીના ગર્ભાધાન સમયનાં મનોભાવો:

ભગવાન શંકરનાં વરદાન અને વ્યાસજી દ્વારા અપાયેલ સો પુત્રોનાં વચનનાં ફળ સ્વરૂપે યોગ્ય સમયે ગર્ભવતી બનતી ગાંધારીનાં ગર્ભધારણનો સમયગાળો લંબાતા તેની અસાધારણ સ્થિતિ તેને વિચલિત કરી મુકે છે. ગાંધારીને ક્યારેક ખળ-ખળ વહેતા પાણીમાં હાથપગ ઝબોળવાનું મન થાય છે તો વાતાવરણ તેના મનને નવચેતના આપે છે. ક્યારે તેના અંદરથી કશુંક બહાર આવી તેના ખોળામાં કુદવા માંડશે એવી ભાવના સાથે આનંદિત થાય છે તો બે વર્ષનાં ગાળા બાદ પણ પ્રસુતિ ન થવાથી તેની વેદના તેને વ્યથિત કરે છે. આનંદ અને દુ:ખની ઊભય પ્રકારની સ્થિતિને ઝીલતી ગાંધારીને એટલું ઓછું હોય તેમ ધૃતરાષ્ટ્રની સેવિકા વિદુલાનાં ગર્ભવતી હોવાના સમાચાર અને કુંતાને ક્ષેત્રજ પુત્ર યુધિષ્ઠિરનાં જન્મ સમાચાર પ્રાપ્ત થતાં તે વધુ વિહ્વળ બને છે. ધર્મપરાયણ, નીતિશાસ્ત્રને, અર્થશાસ્ત્રને  જાણનાર, પતિને કાજે આંખે પાટા બાંધી “આદર્શ આર્યા” તરીકે નિરુપાયેલી ગાંધારીનાં મનમાં ઈર્ષા, દ્વેષ, કટાક્ષ, ગુસ્સો, જેવા ભાવો તેનાં મનમાં જન્મ લે છે. માનવ સ્વભાવનો અનુબંધ મનુષ્યનાં માંહ્યલામાં રહેલો હોય છે. એ વાક્યને ગાંધારીનાં મનોભાવો યથાર્થ ઠરાવે છે. ગર્ભાધાન કાલ અનુસાર પોતાનો પુત્ર જ્યેષ્ઠ છે તેથી પોતાની રાજમાતા બનવાની અપેક્ષા, ઝંખના તેના વાણી અને વર્તનમાં સ્પષ્ટ થાય છે. કુરૂવંશનાં જ્યેષ્ઠ  પુત્ર તરીકે યુધિષ્ઠિરને વડિલો દ્વારા ગણાવાતા ગાંધારીની ઈર્ષ્યા અને ગુસ્સામાં વધારો થાય છે. જેના આવેશમાં આવી પોતે જ પરાણે ગર્ભપાત કરે છે અને ગર્ભમાંથી માંસપિંડ બહાર આવે છે. અસંતુષ્ટિ, અસુયાના ભાવોથી પીડાતી ગાંધારીની મહત્વકાંક્ષા અને મનોદશાને વ્યાસજી અને બીજા ગુરૂજનો કળી જાય છે. વ્યાસજી માંસપિંડનું ૧૦૧ ટુકડામાં વિભાજન કરી ઘીનાં કુંડામાં મુકાવે છે. કુંડાની વચ્ચે અથડાતી – કુટાતી – ભીંસાતી – રિબાતી ગાંધારીનાં મનોભાવોનું વર્ણન લેખકનું ઊંડાણપૂર્વકનું ચિંતન સુચવે છે.

## પૌરાણિક ગ્રંથમાં માતૃત્વભાવના અને તેનું સાંપ્રત પરિપ્રેક્ષમાં અર્થઘટન:

પૌરાણિક ગ્રંથોમાં માતાનાં સ્થાનને ગૌરવ અપાનારા પાત્રો જોઈએ તો"રામાયણ"ની કૌશલ્યામાં ત્યાગ અને સંયમ, તો કૈકયીમાં પુત્રપ્રેમનાં મોહમાંજ સ્વાર્થપણું જોવા મળે છે. "મહાભારત"ની કુંતીમાં પાંચ પુત્રોને એકલા ઉછેરતા સહનશીલતા, ધૈર્ય, સ્વાભિમાનપણું જોવા મળે છે. ભાગવતની દેવકી અને યશોદાનો માતૃત્વભાવના તો જગ મશહુર છે. માતૃત્વ એ માત્ર પુત્ર જન્મ નથી પરંતુ, બાળકનાં સર્વાંગી વિકાસ સાથે જોડાયેલો નિરંતર સબંધ છે. આજનાં સમયમાં તેનું અર્થઘટન કઈંક અલગ જ જોવા મળે છે. શિક્ષણ, નોકરી, કુટુંબપ્રણાલી, એકલતા આ બધું માતૃત્વનાં સ્વરૂપને બદલે છે. આજની માતા પરંપરા અને આધુનિકતા વચ્ચે સંતુલન સાધવા મથતી જોવા મળે છે. સંતાનને પ્રેમ, સ્વાતંત્ર્ય અને આધુનિક મૂલ્યો આપવા પ્રયત્નશીલ રહે છે. ક્યારેક આવી ભાવના બાળકનાં વિકાસ અને તેનાં માનસ પર વિપરીત અસર પણ પાડે છે. પૌરાણિક સમયમાં માતૃત્વ ત્યાગ અને ધર્મ આધારિત હતું જ્યારે આજનાં સમયમાં માતૃત્વને સ્ત્રીસશક્તિકરણનાં અને માનવતાવાદી પરિપ્રેક્ષમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તેનો કેન્દ્રબિંદુ હંમેશા સંતાનને સુખો અપાવવા પર જ રહે છે. જેથી સંઘર્ષ અને સહનશક્તિ, ગંભીરતા, ધીરજ, ત્યાગનું મૂલ્ય ઘટી ગયું છે.

## વ્યાસજી દ્વારા માંસપિંડ વિભાજન એક સાંપ્રત વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ:

ટેસ્ટ ટ્યુબ બેબીના પ્રયોગો તો હજી ગયા દાયકામાં સફળ થયા, પરંતુ મહાભારતકાળમાં એના અનેક ઉદાહરણો મળે છે. ગાંધારીનું ગર્ભાધાન સામાન્ય ન હતું. તેમાં પણ બે વર્ષનાં દીર્ઘ ગર્ભાધાન કાળ બાદ ગાંધારી પોતાના ગર્ભપાત પોતે જ કરતા પ્રસવ પણ અસાધારાણ થતા માંસપિંડ જ બહાર આવે છે. આજના સમયમાં કદાચ તેને વિજ્ઞાન મુજબ એક મોટી ગાંઠ સ્વરૂપે જોવામાં આવે. વ્યાસજીએ આ માંસપિંડ ઉપર વેદ મંત્રોનાં ઉચ્ચારણ સાથે શીતલ જળની ધાર દ્વારા એકસો એક ટુકડામાં વિભાજન કરી ઘી ભરેલા કુંડામાં મુકાવે છે. વ્યાસજીની આ પ્રક્રિયાને આજના વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોતાં "ટેસ્ટ ટ્યુબ બેબી" સાથે સરખાવી શકાય. જેમાં IVF તરીકે ઓળખાતી વૈજ્ઞાનિક પ્રક્રિયાનો ઉપયોગ કરીને પૂર્ણ થાય. સ્ત્રીના અંડાશયમાંથી ઈંડા કાઢવામાં આવે છે અને તેના શુક્રાણુ સાથે પ્રયોગશાળામાં ફળદ્રુપ કરવામાં આવે છે. એક પ્રજનન ક્ષમાતા સારવાર જ્યાં વિભાવના શરીરની બહાર થાય છે. વ્યાસજીનું આ વર્ણન લેખકે શાસ્ત્રીય કલ્પનાની સાથે પ્રાચીન વૈજ્ઞાનિક ચિંતનનું પ્રતિનિધિત્વ કરતુ બતાવ્યું છે. જે પુરવાર કરે છે કે પ્રાચીન સમયમાં વૈજ્ઞાનિક તત્વો કલ્પના અને આધ્યાત્મિકતા પ્રતીકોના રૂપમાં સંકલિત હતા. દુર્યોધન સહિત ગાંધારીના સો પુત્રો એ મહાભારતકાર વ્યાસ મુનિએ ગાંધારી પાસે કરાવેલો ટેસ્ટ ટ્યુબ બેબીનો કદાચ પ્રથમ પ્રયોગ છે.

## ઉપસંહાર:

માતા સત્યવતી જ્યારે ગાંધારીને મળવા આવે છે ત્યારે વિનયપૂર્વક સૂચન કરે છે કે “વિદુરજીને હસ્તિનાપુરના રાજ્યાસને કેમ આપ બેસાડતા નથી? શુદ્રાનો સ્વીકાર થાય, વણિક કન્યા રાણીનાં અધિકાર ભોગવી શકે, મંત્રશક્તિથી પ્રાપ્ત ક્ષેત્રજ પુત્ર યુવરાજ બની શકે, તો શુદ્ર પુત્ર રાજા કેમ ન બની શકે? આપ સૌ વડીલો જેમ માનવું હોય તેમ ભલે માનો, પણ મને તો કુરુવંશ લેશ પણ પરંપરા જડ નહી પરંતુ સૌથી વધુ કાંતિકારી લાગે છે. વિદુરજી રાજ્યાસને બિરાજશે તો એમના જેવા ધર્મનીતિજ્ઞ પ્રજાનું વધુ કલ્યાણ કરશે. આવું બને, તો યુવરાજપદનો આખો વિવાદ જ નિર્મૂળ બની જશે! “ ગાંધારીની આવી વાતથી સત્યવતી સમજી જાય છે કે ગાંધારી બીજુ કાંઈ નહીં તો આટલું તો અવશ્ય ઈચ્છે છે કે, પોતાના પુત્ર રાજા ન બને પણ કુંતા પુત્રો તો રાજા ન જ બનવા જોઈએ. અહીં લેખક સચોટતા પૂર્વક ગાંધારીને એક સામાન્ય સ્ત્રીની જેમ વિચાર કરતી, દલીલ કરતી દર્શાવી છે.

સાંપ્રત સમયમાં માતૃત્વ જાગૃત, જવાબદાર, સંતાનોના ભવિષ્યની ફિકર કરતાં પરંતુ ક્યાંક માતાની મમતાનો અતિરેક સંતાનનાં ભવિષ્ય પર ઘાતક અસર જોવા મળે છે. ગાંધારીનું માતૃત્વ કરુણ, અસહ્ય ખરું પણ સાથે તેની મમતામાં પાંગરતી ઈર્ષા – અસૂયા કોઈ ભયજનક દવાનળનું ઈંગિત કરી રહી છે.

## સારાંશ :

પ્રસ્તુત કૃતિમાં લેખકે ભલે પ્રકરણ આપ્યા નથી પરંતુ કથા સાત અલગ અલગ વિભાગોમાં વિભાજીત થતી જોવા મળે છે. ગાંધારીને ફક્ત સામાન્ય સ્ત્રી તરીકે નિહાળવાનો પ્રયત્ન કરવામાં જ લાઘુકથાનો બીજારોપણ જોવા મળે છે. ગાંધારી બે વર્ષ સુધી ગર્ભધારણ કરવા છતાં પ્રસવ થતો નથી. વળી પોતાથી પહેલા કુન્તાની કુખે પુત્ર જન્મથી ગાંધારીની મનોદશામાં પરિવર્તન આવે છે. અને તે એમ મનાવવા પ્રયત્નો કરે છે કે કુંતી પહેલા ગર્ભ પોતાને રહ્યો અને એ ન્યાયે એનો પુત્ર જ્યેષ્ઠ ગણાય અને પોતાનો જ પુત્ર રાજગાદીનો ઉત્તરાધિકારી બનાવો જોઈએ. ગાંધારીની મહત્વકાંક્ષા ભવિષ્યમાં થનાર ભયંકર ઘટનાનું સૂચન કરે છે અને તેની આ ઈર્ષ્યાં તેના સંતાનોમાં પણ ઉતારે છે. પાંડવો-કૌરવોના વેરબીજ અહી જ રોપાયેલા જણાય છે. કૃતિના અંતમાં કચ્છપી અને વિદુરની દીર્ઘદ્રષ્ટી ભવિષ્યમાં થનાર વિનાશને પારખી જતા ગાંધારીને કહે છે કે “ભાવિના ગર્ભમાં અધર્મના અનેક પ્રસંગો ઘટશે. બબ્બે કુરુવંશોનો જન્મ જેમ આજેય આનંદ નથી જગાવતો, એમ મહાભારતના યુદ્ધ પછીના ૧૯ માં દિવસનો પ્રભાત આવું જ ભારે લાગશે. રક્ત નિંગળતા માંસપિંડને ગાંધારી, જેમ તમે હાથમાં પકડી રાખ્યો હતો તેમ આ પૃથ્વી અનેક શુરવીરોના શિર પોતાને ખોળે ધરી રહી હશે. બબ્બે વર્ષ સુધી આ સો

કુન્ડોની વચ્ચે અથડાતી-કુટાતી ગાંધારીનાં ચિત્કારનો પડઘો ભારત વર્ષને અધર્મ અને અજ્ઞાનનાં અંધકારને યુગો સુધી જીવશે. આવા અસ્ખલિત વાણી પ્રવાહ સાંભળી ગાંધારી ડૂસકે ચડી હતી. આમ, સર્જકે ગાંધારીના પાત્રનું નવું અર્થઘટન કલાત્મક રીતે વર્ણવ્યુ છે. આપણે અનુભવેલા ગાંધારીના ધર્મપરાયણ, તટસ્થતા અને ધીરગંભીર પાત્રની છાપ આ કૃતિમાં ખંડિત થતી જણાય છે. માનવીએ આજ પર્યંત અનુભવેલી કોઈ લાગણી, એના જીવનમાં બનેલી કોઈ ઘટના, અથવા કોઈ પણ જ્ઞાન – વિજ્ઞાન એવાં નથી જે મહાભારતમાં ન હોય . એટલે જ તો એ મહાકાવ્ય વિશે "વ્યસોચ્છિટમ જગત સર્વંમ " કહેવાયું છે. ગાંધારીના અંતરમાં જન્મતી પોતાના પુત્રને જ્યેષ્ઠ ઠરાવવાની અસૂયાથી જ કથા સાર પ્રાપ્ત થાય છે. માતા ફક્ત માતા નથી એક પુત્રી, બહેન,પત્ની, કુલવધૂ અને પછી માતા આમ, અનેક પાત્રો ભાજ્વવાના આવે છે. ઉમરનાં અમૂક પડાવ બાદ સ્ત્રીનાં 'હોર્મોન્સમાં' થતાં ફેરફારોની સાથે શારીરિક અને માનસિક પરિવર્તનને કારણે સ્ત્રીનાં મૂળભૂત ઉમદા સ્વભાવમાં પણ ક્યારેક વિકૃતિ અનાયાસે આવી જાય છે. ખોટી સ્ત્રીહઠ, મમતાનો અતિરેક ક્યારેક સમગ્ર સમાજને વિનાશ તરફ દોરી જાય છે.

## સંદર્ભ સૂચિ:


૧. બારાડી હસમુખની નાવલકથા

૨. જોષી દિનકર સંપાદક – મહાભારત (આદિપર્વ )

૩ કાંતિ પટેલની – માતૃમહિમા.

૪. પ્રો. ડૉ કિશોરી ચંદારાણાનો સાહિત્ય સેતુનો લેખ.